# ઇસ્લામી તાલીમ

# (ભાગ-૧)

## -: પ્રકાશક : -

હાજી નાજી મેમોરીયલ ટ્રસ્ટ
માળી ટેકરા, આંબાચોક, ભાવનગર
ફોનનંબર : (૦૨૭૮) ૨૫૧૦૦૫૬ / ૨૪૨૩૭૪૬

… Kitab Downloaded from …

www.hajinaji.com

• LIKE US ON FACEBOOK •

www.facebook.com/HajiNajiTrust

# નોંધ.....

- ➔વધુ કિતાબો ડાઉનલોડ કરવા માટે [www.hajinaji.com](http://www.hajinaji.com) પર લોગ ઓન કરો.
- ➔કિતાબમાં કોઈ ભૂલચૂક જણાય તો પેજની વિગત અને કિતાબનું નામ જાણ કરવા વિનંતી.

[hajinajitrust@yahoo.com](mailto:hajinajitrust@yahoo.com)

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય : પાઠની વિગત | પાના નંબર |
|---|---|---|
| | વિભાગ – ૧<br>દીનિયાત | |
| ૧ | કલેમહ - અર્થ - સાથે / બિસ્મિલ્લાહ ક્યારે કહેવું ? / સલવાત | ૭ |
| ૨ | અલ્લાહ - પંજેતન - ઈમામ - માસુમ | ૧૧ |
| 3 | ઉસુલે દીન | ૧૫ |

| | | |
|---|---|---|
| ૪ | બલગુલ ઉલા /<br>લી ખમ્સતુમ /<br>પાક હમારા કલમા /<br>પ્રથમ અલી (અલય્હિસ્સલામ) | ૧૬ |
| ૫ | ખાલિક (પૈદા કરનાર) | ૧૯ |
| ૬ | કયા શબ્દો ક્યારે વપરાય છે? | ૨૪ |
| ૭ | આભાર માનવો | ૨૬ |
| ૮ | પયગંબરો | ૨૯ |
| ૯ | નબી ઈમામ કે એહલેબૈત (અલય્હેમુસ્સલામ)નું નામ લઈએ ત્યારે શું કહેવું ? | ૩૨ |

| | | |
|---|---|---|
| ૧૦ | નમાઝના નામ અને રકાત | ૩૪ |
| ૧૧ | અત્તહારત-વઝુની રીત | ૩૫ |
| ૧૨ | અઝાન | ૩૭ |
| ૧૩ | એકામહ | ૩૮ |
| | **વિભાગ – ૨ અખ્લાકિયાત** | |
| ૧ | ઇસ્લામી આદાબ - ક્યારે શું કહેવું ? | ૪૦ |
| ૨ | અઝાઝીલ (બાળવાર્તા) | ૪૨ |
| ૩ | આપણે દુનિયામાં કઈ રીતે આવ્યા ? (બાળવાર્તા) | ૪૪ |
| ૪ | હઝરત નુહ (અ.સ.)નું જીવન | ૪૮ |

| | | |
|---|---|---|
| ૫ | જમવાના આદાબ | ૫૩ |
| ૬ | પાણી પીવાના આદાબ | ૫૪ |
| ૭ | મસ્જિદના અહેકામ | ૫૫ |
| ૮ | સ્વચ્છતા | ૫૬ |
| ૯ | હદીસ | ૫૭ |
| ૧૦ | માં- બાપના હક | ૫૮ |

# વિભાગ – ૧

# દીનિયાત

## ૧ – કલેમહ

લાએલાહ ઈલ્લલ્લાહ,

મોહમ્મદુર રસૂલુલ્લાહ

અલીયુવ્વલિયુલ્લાહ,

વ વસિયો રસૂલીલ્લાહ

વ ખલીફતોહુ બિલા ફસ્લ.

### કલેમહનો અર્થ :

લાએલાહ ઈલ્લલ્લાહ : એટલે અલ્લાહ સિવાય બીજો કોઈ ખુદા નથી.

મોહમ્મદુર રસુલુલ્લાહ : એટલે હઝરત મોહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમ, ખુદાના રસૂલ છે.

અલીયુવ્વલીયુલ્લાહ : એટલે હઝરત અલી (અલય્હિસ્સલામ) ખુદાના વલી છે.

વ વસિયો રસુલીલ્લાહ : એટલે હઝરત અલી (અલય્હિસ્સલામ) પયગમ્બરના વસી (વારસ) છે.

વ ખલીફતોહુ બીલા ફસ્લ : એટલે અલી (અલય્હિસ્સલામ) હઝરત મોહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમ પછી તરતજ ખલીફા છે.

## બિસ્મિલ્લાહિર્રહમા નિર્રહીમ :

(શરૂ કરું છું અલ્લાહના નામથી જે દયાળુ અને કૃપા કરનાર છે.)

બિસ્મિલ્લાહ ક્યારે કહેશો ?

(૧) સવારે પથારીમાંથી ઉઠતી વખતે

(૨) બ્રશ કરતી વખતે.

(૩) વાળ ઓળતી વખતે

(૪) જમતી વખતે

(૫) નિશાળે જતી વખતે અને અભ્યાસ શરૂ કરતી વખતે.

(૬) દરેક નેક કામ શરૂ કરતી વખતે.

## સલવાત :

અલ્લાહુમ્મ સલ્લે અલા મોહમ્મદિંવ વ આલે મોહમ્મદ

અર્થ : હે અલ્લાહ, હઝરત મોહમ્મદ મુસ્તફા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ઉપર તથા તેમની આલ (અહલુલબૈત) ઉપર તારી રહેમત (આશિર્વાદ) મોકલ.

# ૨ – અલ્લાહ – પંજેતન – ઈમામ – માસૂમ

**(અ)** અલ્લાહ એક છે તેનો કોઈ ભાગીદાર, સલાહકાર કે મદદગાર નથી. તેમજ તેનેમાં – બાપ, ઔરત, બચ્ચા કે સગા વહાલા નથી.

**(બ)** પંજેતન (અહલુલકિસા) પાંચ છે.

(૧) હઝરત મોહમ્મદ મુસ્તફા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)

(૨) હઝરત અલી (અલય્હિસ્સલામ)

(3) હઝરત ફાતેમા ઝેહરા (સલામુલ્લાહે અલય્હા)

(૪) હઝરત ઈમામ હસન (અલય્હિસ્સલામ)
(૫) હઝરત ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)

## ઈમામ બાર છે

પહેલા ઈમામ હઝરત અલી (અલય્હિસ્સલામ)

બીજા ઈમામ હઝરત હસન (અલય્હિસ્સલામ)

ત્રીજા ઈમામ હઝરત હુસૈન (અલય્હિસ્સલામ)

ચોથા ઈમામ હઝરત ‘ઝૈનુલઆબેદીન’ (અલય્હિસ્સલામ)

પાચમાં ઈમામ હઝરત મોહમ્મદ ‘બાકીર’ (અલય્હિસ્સલામ)

છઠ્ઠા ઈમામ હઝરત જાફર ‘સાદિક’ (અલય્હિસ્સલામ)

સાતમાં ઈમામ હઝરત મુસા ‘કાઝીમ’ (અલય્હિસ્સલામ)

આઠમાં ઈમામ હઝરત અલી ઇબ્ને મુસા ‘રઝા’ (અલય્હિસ્સલામ)

નવમાં ઈમામ હઝરત મોહમ્મદ ‘તકી’ (અલય્હિસ્સલામ)

દસમાં ઈમામ હઝરત અલીયુન ‘નકી’ (અલય્હિસ્સલામ)

અગીયારમાં ઈમામ હઝરત હસન ‘અસ્કરી’ (અલય્હિસ્સલામ)

બારમાં ઈમામ હઝરત મહદી ‘સાહેબુઝઝમાન’ (અલય્હિસ્સલામ)

માસુમ ચૌદ છે

આપણા પયગંબર હઝરત મોહમ્મદ મુસ્તફા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ), તેમની પુત્રી બીબી ફાતેમા ઝેહરા (સલામુલ્લાહે અલય્હા) તથા બાર ઇમામો કુલ મળી ચૌદ માસૂમીન (અલય્હિસ્સલામ) થાય છે. માસુમનો અર્થ બેગુનાહ થાય છે.

# 3 - ઉસૂલે દીન

ઉસૂલેદીન : એટલે દીનના મૂળ પાંચ છે.

(૧) તવહીદ

(૨) અદાલત

(૩) નબુવ્વત

(૪) ઇમામત

(૫) કયામત

# ૪ - બલગલ ઉલા / લી ખમ્સતુમ / પાક હમારા કલમા / પ્રથમ અલી (અલય્હિસ્સલામ)

**(અ)** બલગલ ઉલા બેકમાલેહી-કશફદ દુજા બેજમાલેહી

હસન તજમીઉ ખિસાલેહી-સલ્લુ અલયહે વ આલેહી

**(બ)** લી ખમ્સતુમ ઉતફીબિહા-હરરલ વબાઈલ હાતિમહ

અલ મુસ્તુફા વલ મુરતઝા-વબ્નાહુમા વલ ફાતેમા

(ક) પાક હમારા કલમા હય લાએલાહ ઈલ્લલ્લાહ,

એક હમારા અલ્લાહ હય, લાએલાહ ઈલ્લલ્લાહ

એક નબી હય એક અલી, ફાતેમા બિન્તે નબી,

હસન હુસૈન મિલ ખમ્સા હય, લાએલાહ ઈલ્લલ્લાહ

અલી મોહમ્મદ જાફર હય, મુસા રઝાએ ઝામિનહય,

તકી નકી કા જલ્વા હય, લાએલાહ ઈલ્લલ્લાહ

અસ્કરી મહદી હાદી હય, સુનો સુનાતા નાદી હય
ઈમામ ફિદાઈ બારા હય, લાએલાહ ઈલ્લલ્લાહ

(ડ)

પ્રથમ અલી, બીજા હસન, હુસૈન ત્રીજા જાન,
ચોથા ઝૈનુલ આબેદીન, પંજુમ બાકીર નામ,
છે જાફર સાદિક છઠ્ઠા, આદિલ આપ ઈમામ,
સાચા જાણો સાતમાં, મુસા કાઝીમ નામ,
અલી રઝા છે આઠમાં, નવમાં તકી નિરધાર,
દસમાં નકી અગિયારમાં હસન અસ્કરી જાણ,
ઈમામ છેલ્લા બારમાં, છે મહદી સાહેબ,

હુકમે ખુદાથી હાલ છે, દુનિયામાં ગાએબ,
જેઓ વિણદાવો કરે, હોવાનો ઈમામ,
જુઠો તદ્દન જાણીને તજીએ તેનું નામ.

## ૫ - ખાલિક (પૈદા કરનાર)

સઈદ એક ઘણોજ હોશીયાર છોકરો છે. તેને ભણવાનો ઘણો જ શોખ છે.
સાથે સાથે તે રમત ગમતમાં પણ રસ લે છે. અમુક વખતે તે તેના પિતાજી સાથે ફરવા જાય છે. એક દિવસ તે તથા તેના પિતાજી નદી કાઠે ફરવા ગયા. ચારે બાજુ સુંદર દ્રશ્ય

હતું. નદીમાં પાણી ભરપૂર હતું. નદી કિનારે લીલોતરી નજરે પડી.

બતક, રાજહંસ તથા પાણીમાં રહેનારા અનેક પક્ષીઓ પાણીમાં તરી રહ્યા હતા. નજદીકનાં વૃક્ષોમાં અનેક પક્ષીઓનો મધુર અવાજ સંભળાતો હતો.

સુરજનાં કિરણો ઝાડ ઉપર પડી રહ્યાં હતાં.

આવો સુંદર દેખાવ જોઈ સઈદ અનહદ ખુશ થયો. અચાનક તેને કોઈ વિચાર આવ્યો. અને તે તેના પિતાજીને પ્રશ્નો પૂછવા લાગ્યો.

સઈદ : પિતાજી, આ બધી સુંદર વસ્તુઓ કોણે બનાવી ?

પિતાજી : તેનો ખાલિક અલ્લાહ છે. ?

સઈદ : શું આપણે અલ્લાહને જોઈ શકીએ ?

પિતાજી : ના, મારા વ્હાલા દિકરા, આપણે તેને જોઈ શકતા નથી.

સઈદ : તો પછી આપણે કેવી રીતે માની શકીએ કે તે છે. અને તેણે આ બધી વસ્તુઓ પૈદા કરી છે.

ત્યારે તેના પિતાજીએ એક મકાન જે નજદીક હતું, તેની સામે આગંળી ચીંધી કહ્યું, જો તે મકાન, શું તું જાણે છે કે તે મકાન કોણે બાંધ્યું છે ? સઈદે જવાબ આપ્યો. તે કડીયાઓએ બનાવ્યું છે.

ત્યારે તેના પિતાજીએ કહ્યું : મારા વ્હાલા દીકરા, જયારે આપણે તે મકાન જોઈએ છીએ ત્યારે માની લઈએ છીએ કે તેનું ચણતર થયું છે. તેઓએ બાંધકામ કર્યું છે. જયારે કે આપણે તેને જોયા નથી. તેવી જ રીતે જયારે આપણે ધુળમાં કોઈનાં પગલાં જોઈએ છીએ ત્યારે આપણે માની લઈએ છીએ કે અહીંથી કોઈ પસાર થયું છે. તો હવે આપણે આ જગતને જોઈએ. તે બહુજ મોટું છે. તેને બનાવનાર પણ કોઈ કારીગર હોવો જોઈએ. ભલે તેને આંખોથી જોઈ ન શકીએ, તે મહાન ખાલિક અલ્લાહ છે. આ જગત અને તેમાં જે

કાંઈ છે તે જોતા જણાય છે કે અલ્લાહ મૌજુદ છે.

સઈદને આ વાત સમજાઈ. તેણે પોતાના પિતાજીનો આભાર માન્યો કે તેઓએ આ વાત કહીને સઈદની મુંજવણ દૂર કરી.

પ્રશ્નો :

(૧) સઈદને શું શું પસંદ છે?

(૨) નદી કાઠે સઈદ તથા તેનાં પિતાજીને કઈ કઈ વસ્તુઓ નજરે પડી?

(૩) સઈદ કેવી રીતે સમજ્યો કે અલ્લાહ ખાલિક છે?

(૪) શું કોઈ વસ્તુ તેના બનાવનાર વગર બની શકે છે?

## ૬ - નિચેનાં શબ્દો જુદા જુદા પ્રસંગે કહેવા જોઈએ

(૧) જ્યારે કોઈ સારા સમાચાર સાંભળો તો કહો, ‘માશાઅલ્લાહ’

(૨) જ્યારે કોઈ વચન આપો તો કહો, ‘ઇન્શાઅલ્લાહ’

(૩) જ્યારે કોઈ બદી જુઓ અથવા કોઈનું ખરાબ કાર્ય જુઓ ત્યારે કહો, ‘અસ્તગફેરૂલ્લાહ’

(૪) જ્યારે કોઈ નેકી જુઓ અથવા કોઈને નેક કામ કરતા જુઓ તો કહો ‘સુબ્હાનલ્લાહ’

(૫) જ્યારે કોઈ આપણાથી છુટા પડતા હોય ત્યારે કહો ‘ફી અમાનિલ્લાહ’

(૬) જ્યારે કોઈ નેઅમત મળે તો કહો ‘શુક્રનલિલ્લાહ’

(૭) જ્યારે કોઈ ખરાબ કામ કરવાનું મન થાય અથવા ખરાબ વિચાર આવે તો કહો, ‘અઉઝોબિલ્લાહ’

(૮) જ્યારે કોઈ શ્રેષ્ઠ વસ્તુ નિહાળો તો કહો ‘અલઅઝમતોલિલ્લાહ’

(૯) જ્યારે કોઈ તમારા પ્રત્યે મહેરબાની દર્શાવે તો કહો, 'બારકલ્લાહ'

(૧૦) જ્યારે તમને છીંક આવે તો કહો, 'અલ હમ્દોલિલ્લાહ'

(૧૧) જ્યારે બીજા કોઈને છીંક ખાતા સાંભળો તો કહો 'યરહમોકલ્લાહ'

## ૭ - આભાર માનવો

સકીના એક બહુ જ હોશિયાર છોકરી છે. નિશાળે જવામાં તેને આનંદ મળે છે. અને પોતાનો અભ્યાસ ધ્યાનપૂર્વક કરે છે. જયારે તે નિશાળેથી ઘરે આવે ત્યારે પોતાની માતાજીને ઘરના કામકાજમાં મદદ કરે છે.

મોટાની વાત માની તે વાતોને યાદ રાખે છે. એક દિવસ સકીના પોતાની માતાજીને પ્રશ્ન કરવા લાગી, વ્હાલા માતાજી જયારે પણ આપણે જમવા બેસીએ છીએ ત્યારે તમે ‘બિસ્મિલ્લાહ’ કહો છો. અને જમી લીધા પછી તમે ‘અલહમ્દોલિલ્લાહ’ કહો છો. તો તેનો શું અર્થ થાય છે? માતાજીએ જવાબ આપ્યો, બેટી ‘બિસ્મિલ્લાહ’ નો અર્થ ‘અલ્લાહના નામથી’ અને ‘અલહમ્દોલિલ્લાહ’નો અર્થ ‘શુક્ર છે તે અલ્લાહનો થાય છે. સકીનાએ ફરી પૂછ્યું કે મમ્મી, પણ તમે અલ્લાહનું નામ લઇ તેનો શુક્ર શા માટે કરો છો? માતાજીએ જવાબ

આપ્યો. તેનું કારણ એ છે કે તેણે આપણને જોવા માટે આંખ આપી, સાંભળવા માટે કાન આપ્યાં, ખરૂં ખોટું ઓળખી શકીએ તે માટે અક્કલ આપી, પાણી, હવા જે આપણી જિંદગીની જરૂરિયાતો છે તે આપ્યાં, મીઠા મીઠા મેવા આપ્યાં અને બીજા અસંખ્ય સ્વાદિષ્ટ ખોરાક આપ્યાં જે આપણે ખાઈએ છીએ. તે આપણો ખાલિક તથા રબ (પાલનહાર) છે. ‘બિસ્મિલ્લાહ’ તથા ‘અલહમ્દોલિલ્લાહ’નો ઉપયોગ ફકત જમતી વખતે કરવામાં નથી આવતો. પણ જ્યારે તમો કોઈ કામને શરૂ કરો ત્યારે ‘બિસ્મિલ્લાહ’

તથા પુરૂં કરવામાં સફળ રહો ત્યારે ‘અલહમ્દોલિલ્લાહ’ કહેવામાં ઘણો સવાબ છે. આવા અનેક ઇસ્લામી શબ્દો છે, જેનો ઉપયોગ જુદા જુદા સમયે કરવામાં આવે છે. આવા વાક્યોનો ઇસ્લામી સંસ્કારમાં સમાવેશ થાય છે.

## ૮ – પયગંબરો

**(૧)** કુલ મળીને ૧,૨૪,000 પયગમ્બરો અલ્લાહે મોકલ્યા જેઓ બધા સાચા છે.

**(૨)** પહેલાં નબી હઝરત આદમ (અલય્હિસ્સલામ) અને છેલ્લા નબી હઝરત

મુસ્તફા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) છે.

**(3)** ઉલુલ અઝમ પયગમ્બર :

ઉલુલ અઝમ-મોટા રસૂલ પાંચ છે.

(૧) હઝરત નૂહ (અલય્હિસ્સલામ)

(૨) હઝરત ઈબ્રાહીમ (અલય્હિસ્સલામ)

(૩) હઝરત મુસા (અલય્હિસ્સલામ)

(૪) હઝરત ઈસા (અલય્હિસ્સલામ)

(૫) હઝરત મોહમ્મદ મુસ્તફા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)

**(૪)** આસમાની કિતાબો :

આસમાની કિતાબો નાઝિલ થઇ છે તે નીચે મુજબ છે :

(૧) તવરેત - હઝરત મુસા (અલય્હિસ્સલામ) ઉપર નાઝિલ થઇ છે.

(૨) ઝબુર - હઝરત દાઉદ (અલય્હિસ્સલામ) ઉપર નાઝિલ થઇ છે.

(૩) ઇન્જીલ - હઝરત ઈસા (અલય્હિસ્સલામ) ઉપર નાઝિલ થઇ છે.

(૪) કુરઆન - આપણા નબી હઝરત મોહમ્મદ મુસ્તફા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ઉપર નાઝિલ થયું છે.

# ૯ - નબી, ઈમામ કે એહલેબૈત (અલય્હેમુસ્સલામ)નું નામ લઈએ ત્યારે શું કહેવું ?

(૧) જયારે આપણે આપણાં કોઈપણ ઈમામનું નામ લઈએ અથવા એહલેબૈતના કોઈપણ (મર્દ) શખ્સનું નામ લઈએ ત્યારપછી 'અલયહીસ્સલામ' કહેવું જોઈએ.

(૨) જ્યારે બીબી ફાતેમા ઝેહરા (સલામુલ્લાહે અલય્હા) અથવા એહલેબૈતના કોઈ સ્ત્રીનું નામ લઈએ ત્યારે તેમના નામ

પછી ‘અલયહસ્સલામ’ અથવા ‘સલામુલ્લાહે અલય્હા’ બોલવું જોઈએ.

(3) જ્યારે આપણા આખરી નબી હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)નું નામ લઈએ ત્યારે માથુ જુકાવી તેમના નામ પછી ‘સલ્લલ્લાહો અલયહે અ આલેહી વસલ્લમ’ બોલવું જોઈએ અને સલવાત પઢવી જોઈએ.

(૪) જ્યારે ‘અલ્લાહ’નું નામ લઈએ ત્યારપછી ‘સુબ્હાનહુ વ તઆલા’ બોલવું જોઈએ.

# ૧૦ - નમાઝના નામ અને રકાત

દરરોજની પાંચ વખતની નમાઝનાં નામ તથા રકાતોની સંખ્યા:

(૧) સવારની નમાઝ - ફજર (૨ રકાત)

(૨) બપોરે - ઝોહર (૪ રકાત)

(૩) બપોરે - અસર (૪ રકાત)

(૪) સાંજે - મગરીબ (૩ રકાત)

(૫) રાત્રે - ઈશા (૪ રકાત)

# ૧૧ - અત્તહારત

## વઝુ કેવી રીતે કરશો ?

(મુદર્રીસે વઝુ કરીને દેખાડવું)

પહેલા ત્રણ વખત કાંડા સુધી હાથ ધોવા. પછી ત્રણ વખત કોગળા કરવા અને ત્રણ વખત નાકમાં પાણી નાખવું.

પછી નિય્યત કરવી 'હું વઝુ કરૂં છું. કુરબતન એલલ્લાહ'.

પછી મોઢું લંબાઈમાં માથાના વાળ ઉગવાની જગ્યાએથી લઈને હડપચી (દાઢી)ના છેલ્લા કિનારા સુધી અને પહોળાઈમાં વચલી

આંગળી અને અંગુઠાની વચ્ચેના ભાગમાં જેટલી જગ્યા આવી જાય તેટલું ધોવું.

પહેલીવાર મોઢું ધોવું વાજિબ છે, બીજી વાર સુન્નત. તે પછી જમણો હાથ કોણીથી લઇ આંગળીઓનાં ટેરવાં સુધી ધોવો (ઉપરથી નીચેની તરફ). તે પછી એવી જ રીતે ડાબો હાથ ધોવો. પહેલીવાર હાથનું ધોવું વાજિબ છે. બીજીવાર સુન્નત છે.

જ્યારે ડાબો હાથ ધોવાય જાય ત્યારે માથાના આગલા ભાગમાં માથાનો મસાહ કરવો, જે હાથમાં પાણીની ભીનાશ મૌજુદ છે તેનાથી મસાહ કરે. તે પછી જમણા પગનો મસાહ

જમણા હાથથી કરવો અને ડાબા પગનો મસાહ ડાબા હાથથી કરવો.

## ૧૨ - અઝાન

અલ્લાહો અકબર (૪ વખત)

અશ્હદો અલ્લાએલાહ ઈલ્લલ્લાહ (૨ વખત)

અશ્હદો અન્ન મોહમ્મદર રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) (૨ વખત)

અશ્હદો અન્ન અમીરલ મોઅમેનીન અલીયંવ વલીયુલ્લાહ (૧ વખત)

અશ્હદો અન્ન અમીરલ મોઅમેનીન અલીયન હુજ્જતુલ્લાહ (૧ વખત)

હય્ય અલસ્સલાહ (૨ વખત)

હય્ય અલલ ફલાહ (૨ વખત )

હય્ય અલા ખયરીલ અમલ (૨ વખત)

અલ્લાહો અકબર (૨ વખત )

લાએલાહ ઈલ્લલ્લાહ (૨ વખત)

## ૧૩ - એકામહ

અલ્લાહો અકબર (૨ વખત)

અશ્હદો અલ્લાએલાહ ઈલ્લલ્લાહ (૨ વખત)

અશ્હદો અન્ન મોહમ્મદર રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) (૨ વખત)

અશ્હદો અન્ન અમીરલ મોઅમેનીન અલીયંવ વલીયુલ્લાહ (૧ વખત)

અશ્હદો અન્ન અમીરલ મોઅમેનીન અલીયન હુજ્જતુલ્લાહ (૧ વખત)

હય્ય અલસ્સલાહ (૨ વખત)

હય્ય અલલ ફલાહ (૨ વખત)

હય્ય અલા ખયરીલ અમલ (૨ વખત)

કદ કામતિસ્સલાહ (૨ વખત)

અલ્લાહો અકબર (૨ વખત)

લાએલાહ ઈલ્લલ્લાહ (૧ વખત)

# વિભાગ બીજો

# અખ્લાકિયાત

## ૧ - ઇસ્લામિક આદાબ

(અ) આપણે જ્યારે બીજા મુસ્લિમને મળીએ ત્યારે તેને ‘સલામુન અલયકુમ’ કહેવું જોઈએ, જેનો અર્થ થાય છે ‘તમારી સલામતી ઈચ્છું છું.’

જયારે કોઈ સલામુન અલયકુમ કહે ત્યારે તેનો જવાબ ‘વ-અલયકુમસ્સલામ’ કહીને આપવો જોઈએ. જેનો અર્થ ‘(અને) તમારી પણ સલામતી ઈચ્છું છું.’

(બ) જયારે કોઈ આપણને મદદ કરે અથવા કોઈ ભેટ-તોહફો આપે ત્યારે તેને ‘આભાર’ ‘થેન્ક યુ’ ‘thank you’ ‘શુક્રન’ અથવા ‘એહસનતુમ’ કહેવું જોઈએ. આ બધા આભાર માનવાના શબ્દો છે.

(ક) જ્યારે આપણે એકબીજાથી છુટા પડીએ- વિદાય થઈએ ત્યારે ખુદા હાફીઝ અથવા ‘ફી અમાનીલ્લાહ’ કહેવું જોઈએ. જેનો અર્થ છે, ખુદા તમારૂ રક્ષણ કરે (તેવી દુઆ કરૂં છું.)

(ડ) એકબીજાથી વિદાય થતી વખતે ‘ફી અમાનીલ્લાહ’ કહેવું. જવાબમાં ‘ફી

અમાનીલ કરીમ’ કહેવું. જેનો અર્થ છે, તમને અલ્લાહની સલામતી (સંભાળ)માં સોપું છું.

## ૨ - બાળવાર્તા–અઝાઝીલ

સદીઓ પહેલાની આ વાત છે જ્યારે દુનિયામાં પાણી અને ઝાડ હતા, પહાડો પશુઓ તથા પક્ષીઓ હતા. પણ એકેય ઇન્સાન ન હતો, ન પુરૂષ ન સ્ત્રી, તે વખતે અલ્લાહે એક ઇન્સાનને પેદા કર્યો. તે પછી તેમાં રૂહ ફૂકી, તેને સજીવન બનાવ્યો. તેનું નામ હતું આદમ (અલય્હિસ્સલામ), જ્યારે આદમ (અલય્હિસ્સલામ) તૈયાર થઈ ગયા.

ત્યારે અલ્લાહે ફરિશ્તાઓને હઝરત આદમ (અલય્હિસ્સલામ)ને સજદો કરવાનો હુકમ આપ્યો. તમામ ફરિશ્તાઓ ઝુકી ગયા. બાકી રહી ગયો એક જીન (જે મલાએકાઓ સાથે ઇબાદત કરતો હતો) જેનું નામ હતું અઝાઝીલ, તે અભિમાનના કારણે ઝૂક્યો નહી. અલ્લાહને તેના આ વર્તન માટે અણગમો થયો. કારણ કે અલ્લાહ બધાનો પૈદા કરનાર છે, જ્યારે તે ખાલિક છે તો આપણી મખલુકની ફર્ઝ છે કે તે અલ્લાહના હુકમનું પાલન કરીએ. તે પછી અઝાઝીલને અલ્લાહે જમીન ઉપર મોકલ્યો. તે પછી તે

શૈતાન તથા ઇબ્લીસ કહેવાયો. તે ઇબ્લીસ હંમેશા એ કોશિશ કરે છે કે ઇન્સાન અલ્લાહના હુકમને માને નહી અને હંમેશા ગુનાહ કરતો રહે.

## 3 - આપણે દુનિયામાં કઈ રીતે આવ્યા?

અલ્લાહ પાકે પહેલાં માણસ હઝરત આદમ (અલય્હિસ્સલામ)ને પૈદા કર્યા. તેઓ એકલા હોવાથી મુંજાતા હતા. અને એમ ચાહતા હતાં કે તેઓને કોઈ સાથી મળે. ત્યારે અલ્લાહ પાકે બીબી હવ્વાને પૈદા કર્યા.

જેઓ હઝરત આદમ (અલય્હિસ્સલામ)નાં પત્ની થયા. અને જન્નતમાં આનંદથી રહેતા. જ્યારે તે જન્નતમાં હતાં ત્યારે અલ્લાહ પાકે તેમને એક ઝાડની પાસે જવા માટે મનાઈ કરી હતી. હઝરત આદમ (અલય્હિસ્સલામ) તથા બીબી હવ્વા તે હુકમને અનુસરી એ ઝાડ પાસે જતા નહિ. પણ શૈતાન તે વખતે જન્નતમાં હતો. અને હઝરત આદમ (અલય્હિસ્સલામ) નો દુશ્મન હતો. તે તક શોધી રહ્યો હતો કે કોઈપણ રીતે હઝરત આદમ (અલય્હિસ્સલામ)ને દુઃખ પહોચાડે. એક દિવસ શૈતાન બીબી હવ્વા પાસે આવ્યો

અને તેમને કહ્યું કે, તમો જો આ ઝાડમાંથી તેનું ફળ ખાશો (જે ખાવાની તમને અને હઝરત આદમ (અલય્હિસ્સલામ)ને મનાઈ કરી છે) તો તમે કાયમ જીવતા રહેશો. પહેલાં તો બીબી હવ્વા શૈતાનની વાત માન્યા નહી. પણ જ્યારે શૈતાને અલ્લાહના સોગંદ લીધા ત્યારે તેઓ એ વાત માની લીધી અને તે ઝાડનું ફળ પોતે ખાધું અને હઝરત આદમ (અલય્હિસ્સલામ)ને પણ ખવડાવી દીધું જ્યારે આમ બન્યું ત્યારે અલ્લાહ પાકે તેઓને જન્નતમાંથી દુનીયામાં મોકલી દીધા.

હવે જન્નત તેઓનું રહેવાનું સ્થળ રહ્યું નહી. તેઓએ જગત ઉપર આવી તૌબા કરી અને અલ્લાહ પાકની ખુબ જ માફી માગી. અલ્લાહ પાકે તેઓને માફ કરી દીધા. પણ હવે જગત તેઓનું રહેવાનું સ્થળ બની ગયું. આપણે હઝરત આદમ (અલય્હિસ્સલામ) તથા બીબી હવ્વાની ઔલાદ છીએ, આવી રીતે આપણે દુનિયામાં આવ્યા.

# ૪ - હઝરત નૂહ (અલય્હિસ્સલામ)નું જીવન

હઝરત નૂહ (અલય્હિસ્સલામ) તેમની કૌમને આગ્રહ કરતા કે તેઓ ફક્ત એક અલ્લાહને મને બીજા કોઈ ખુદાઓમાં ન માને, અને મૂર્તિઓની પૂજા મૂકી દે. પણ તે લોકો હઝરત નૂહ (અલય્હિસ્સલામ)ની કોઈ વાતને માનતા નહી. એટલું જ નહી હઝરત નૂહ (અલય્હિસ્સલામ) ઉપર પથ્થરનો વરસાદ વરસાવતાં. અલ્લાહ પાકે ચાહ્યું કે તેઓને શિક્ષા કરે. પાણીનું એક પૂર આવે અને તેઓ તેમાં ડૂબીને નાશ પામે.

અલ્લાહ પાકે હઝરત નૂહ (અલય્હિસ્સલામ)ને હુકમ કર્યો કે તેઓ એક નાની હોડી બનાવે. તેમાં તેઓ તથા ઈમાનદાર લોકો બેસી જાય અને ડૂબવાથી બચી જાય. જ્યારે હઝરત નૂહ (અલય્હિસ્સલામ) એ કશ્તી બનાવી લીધી ત્યારે તેમને અલ્લાહનો હુકમ થયો કે તેઓ તેમની પત્ની, તથા ત્રણ દીકરાઓ, તેમની પત્નીઓ અને બોંતેર મોઅમીનો જેઓ હઝરત નૂહ (અલય્હિસ્સલામ)ને માનતા, તેમની વાતને માની આ હોડીની અંદર બેસી

જાય. પશુ અને પક્ષીઓ પણ આ હોડીની અંદર સાથે રહ્યા.

હઝરત નૂહ (અલય્હિસ્સલામ)નાં એક ફરઝંદ જેનું નામ કનાન હતું એ હોડીમાં દાખલ થયો નહી. હઝરત નૂહ (અલય્હિસ્સલામ)એ તેને બોલવ્યો, પણ તે હોડીમાં આવ્યો નહીં અને એક પર્વતની ટોચ પર ચડી ગયો. તેણે હઝરત નૂહ (અલય્હિસ્સલામ)નો હુકમ માન્યો નહી, પાણીનું એક મોટું મોજું આવ્યું જેમાં કનાન ડૂબી ગયો. કનાનને પાણીમાં ડૂબતો જોઈ હઝરત નૂહ (અલય્હિસ્સલામ)એ અલ્લાહ પાસે અરજ કરી કે અલ્લાહ તેમના

ફરઝંદને બચાવી લે. પણ અલ્લાહ પાકે હઝરત નૂહ (અલય્હિસ્સલામ)ને જવાબ આપ્યો કે તે ઈમાન લાવવાવાળો નથી જેથી તે પણ ડુબી જશે.

મુશળધાર વરસાદ વરસતો રહ્યો, અને જ્યાં જુઓ ત્યાં પાણી પાણી હતું. હઝરત નૂહ (અલય્હિસ્સલામ) તથા તેમની હોડીમાં જેટલા હતા તેઓએ અલ્લાહ પાસે દુઆ કરી, દરેક વસ્તુઓનો નાશ થઈ ગયો. ફક્ત હઝરત નૂહ (અલય્હિસ્સલામ) અને તેમનું કુટુંબ અને ઈમાન લાવવાવાળા જેઓ હોડીમાં હતાં તેઓજ જીવતા રહ્યાં.

આપણે પણ હર હાલમાં અલ્લાહ પાકનાં હુકમોનું પાલન કરવું જોઈએ. નહીતર આપણી પણ એજ દશા થશે. જેવી હઝરત નૂહ (અલય્હિસ્સલામ)નાં જમાનામાં અલ્લાહનો હુકમ ન માનવાળાઓની થઇ હતી.

હઝરત નૂહ (અલય્હિસ્સલામ) નો પોતાનો ફરઝંદ હતો જે ડૂબી ગયો. તેને પણ અલ્લાહ પાકે બચાવ્યો નહી. કારણ કે તેણે અલ્લાહ પાકનાં હુકમોનું પાલન કર્યું ન હતું. તેમજ તે અલ્લાહને માનતો ન હતો.

# ૫ - જમવાના આદાબ

(૧) જમવા પહેલા હાથ ધોવા અને જમ્યા પછી હાથ ન લુંછવા સુન્નત છે.

(૨) સુન્નત છે કે જમતા પહેલા તથા જમી લીધા પછી થોડુક મીઠું (નમક) ચાખવું.

(૩) 'બિસ્મિલ્લાહ' કહી જમવાનું શરૂ કરવું, જેનો અર્થ છે 'શરૂ કરૂં છું અલ્લાહના નામથી'

(૪) જમણા હાથથી જમવું જોઈએ.

(૫) બહુજ પેટ ભરીને જમવું નહી, પૌષ્ટિક ખોરાક લેવો.

(૬) થાળીમાં જેટલું પીરસાયું હોય તે બધું પુરૂ કરવું, બગાડ ન કરવો.

(૭) જમી લીધા પછી હાથ ધોઈ લેવા.

(૮) જમી લીધા પછી ‘અલહમ્દોલિલ્લાહ’ કહેવું એટલે કે ‘હમ્દ છે અલ્લાહની’ તેમ કહી તેનો શુક્ર અદા કરવો.

## ૬ - પાણી પીવાના આદાબ

૧. જયારે પાણી, શરબત વગેરે પીવું હોય તો ‘બિસ્મિલ્લાહ’ કહી શરૂ કરવું અને પી લીધા પછી ‘અલહમ્દોલિલ્લાહ’ કહેવું.

૨. પાણી રાતના સમયે બેસીને પીવું અને દિવસના સમયે ઉભા રહીને પીવું.

3. પાણી પીવું હોય તો ત્રણ ઘુંટડા કરી પીવું. એકી સાથે બધું પાણી પીવું નહી.

## ૭ - મસ્જિદના એહકામ

(૧) જયારે મસ્જિદમાં કાંઈ પઢાતું હોય ત્યારે શાંતિ જાળવવી.

(૨) આરામથી બેસી, જે કાંઈ પઢાતું હોય તે સમજવાનો પ્રયત્ન કરવો.

(3) સ્વચ્છ કપડાં પહેરીને મસ્જિદમાં જવું.

# ૮ - સ્વચ્છતા

દરેક મુસલમાને સ્વચ્છતા જાળવવી જોઈએ. હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની હદીસ છે, ‘સ્વચ્છતા ઇમાનનો ભાગ છે’.

(૧) દરરોજ દાતણ કરવું તે મોઢાને સાફ કરે છે. યાદશક્તિ વધારે છે.

(૨) નખ કાપવા. નખ લાંબા હોય તો તેમાં મેલ ભરાય જાય છે અને આ મેલ બિમારીઓનું કારણ બને છે.

(૩) દરરોજ નહાવું જોઈએ.

(૪) વાળ ઓળવા, જયારે વાળ લાંબા થઇ જાય ત્યારે હજામત કરાવવી. (છોકરીઓ લાંબા વાળને બાંધી રાખે) આમ કરવાથી આપણે ચોખ્ખા તથા સ્વચ્છ રહીશું.

(૫) સ્વચ્છ કપડાં પહેરવા, કપડાં ગંદા ન થાય તેનો ખ્યાલ રાખવો.

## ૯ - હદીસ

(૧) પોતાના માં-બાપ ઉપર તિરસ્કારની નજરે ન જુઓ. તેમના ઉપર દયા તથા કૃપાની નજર રાખો. (માં-બાપની ઉપર લાગણી રાખો.)

(૨) પોતાના મુસલમાન ભાઈ માટે તે વસ્તુ પસંદ કરો જે તમને પોતાને પસંદ હોય અને તે વસ્તુથી અણગમો રાખો જેનો તમારા માટે અણગમો રાખો છો.

(૩) પોતાના મોમીન ભાઈનાં ચહેરા ઉપર નજર કરવી, તે અલ્લાહ પાકની બંદગી કરવા સમાન છે.

## ૧૦ - માં - બાપના હક

અલ્લાહ સુબ્હાનહુ વ તઆલા કુરઆનમાં ઈરશાદ ફરમાવે છે.

“માં બાપ પ્રત્યે નેક બનો”

આ તો અલ્લાહ (સુ.વ.ત.)નો હુકમ છે કે મા-બાપ પ્રત્યે આપણે નેક બનવું જોઈએ. એનો અર્થ એ છે કે માં-બાપની તાબેદારી કરી તેઓની વાત માનીએ. તેઓએ આપણા માટે ઘણો ભોગ આપ્યો છે. જયારે આપણે નાના બાળકો હતાં. ત્યારે ખવડાવ્યું, કપડા પહેરાવ્યા અને આપણી દેખભાળ રાખી. તેઓ આપણાંથી ઉંમરમાં મોટા છે તેથી તેઓ હીકમતથી ભરપુર છે. જયારે કંઈ કામમાં તેઓ આપણા ફાયદા જોશે. ત્યારે તેઓ આપણને તે કરવાની ભલામણ કરશે. તો તેઓની તાબેદારી આપણાં ઉપર ફર્ઝ

(વાજિબ) છે. આપણે તેઓની મદદ કરવાની કોશિષ કરવી જોઈએ. જો તેઓ આપણને ધમકાવે તો સામે જવાબ આપવો ન જોઈએ.

ઈમામ જાફર સાદિક (અલય્હિસ્સલામ)એ એક માણસને સંબોધતા કહ્યું હતું કે “અગર તે તારી માને (માતાજી) પોતાની પીઠ ઉપર બેસાડી દસવાર હજ કરાવી તો પણ એટલો પણ  હક અદા કર્યો નહી ગણાય કે જયારે તારી માએ તારા ઉછેરમાં એક રાત પોતાનો આરામ મૂકી, તને સાચવવામાં રોકાઈ હતી. તને કોઈપણ દુઃખ ન થાય તેની તેણે કાળજી રાખી હતી.” તો હવે આપણને સમજાયું કે

આપણાં માં બાપે જે કઈ આપણા માટે કર્યું તેની કિંમત આપણે ચૂકવી શકવાનાં નથી. તેથી જ આપણે તેઓની તાબેદારી કરવી જોઈએ. અલ્લાહ (સુ.વ.ત.) તેને જઝા આપી જન્નતનો હકદાર બનાવશે કે જેણે પોતાના માં-બાપની તાબેદારી કરી, તેઓના હક્ક જાળવી રાખ્યા.